# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાન વિશ્વંભર છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**"ધીરજ ધર તું અરે અધિરા**
**ઈશ્વર પુરે અન્ન જોને."**

માણસને સમજાય કે ન સમજાય કે મોડું સમજાય પણ આ વાત બિલકુલ સત્ય છે. પરમાત્માનું નામ એટલે જ વિશ્વંભર છે. સર્વ જગતનું પોષણ પરમાત્મા કરે છે પણ માનવનો સ્વભાવ એવો છે કે સારૂં જે કાંઈપણ થયું તે "મે કર્યું" અને સારૂં ન થયું તો "ભગવાને આવું કેમ કર્યું ?" એમાં પણ યુવા વર્ગના તર્કશીલ લોકોને તો ભગવાનની સત્યતાની ખાત્રી કર્યા વિના નિશ્ચય થતો નથી. પણ એ વાત તો સત્ય છે કે ભગવાન જ સર્વ કર્તા હર્તા છે. અને એમની મરજી વિના કાંઈ જ શક્ય નથી. એ વાતને સમજવા આપણે આ દ્રષ્ટાંત વાંચીએ.

દિવાળી વેકેશનની રજાઓમાં ઘણા બધા લોકો ફરવા જાય છે. હરવા ફરવાના સ્થળો માનવ મહેરામણથી ઉભરાઈ પડતાં હોય છે. બાળકો હોય કે યુવાનો કે પછી વૃધ્ધો સૌ પોતપોતાની રીતે પરિવાર સાથે કે પછી એકાકી ફરવા જતા હોય છે. એવું નથી કે ગૃહસ્થો જ ફરવા નીકળે. કોઈ સંત-મહાત્માઓ પણ જગહિત માટે વિચરતા હોય છે.

આવા એક મહાત્મા તિર્થાટન કતા કરતા સરહદ વિસ્તારમાં પહોંચી ગયા. ફરતા ફરતા થાક્યા તો ઝાડ નીચે વિસામો ખાવા બેઠા. થોડીવાર થઈ ત્યાં તો ત્યાંથી એક જુવાનીયો પસાર થયો. પહેરવેશ ઉપરથી કોઈ સારા ઘરનો હોય તેવું લાગતું હતું. તે જુવાનીયો પણ સાધુ મહાત્મા પાસે આવીને બેઠો. વાતચિત દરમિયાન સાધુ મહાત્માના મુખે બોલાઈ ગયું કે - "ભગવાનની કૃપાથી બધું સારૂ ચાલે છે." પેલો યુવાન, કોણ જાણે શું થયું, એકદમ છંછેડાઈ ગયો. અને કહેવા લાગ્યો - ભલે તમને એમ લાગે કે ભગવાનની કૃપાથી, પણ હું એ રીતે માનતો નથી. આપણે ધારીએ તેમજ બધું થાય છે. પેલા મહાત્માજી કહે, ભાઈ ! તને કાંઈ મુશ્કેલી હોય તો તે કહે અથવા તારો કોઈ પ્રશ્ન હોય તો તે વાત કર. ત્યારે આ યુવાન કહે, મહાત્માજી ! હું તો ભગવાનને સર્વ કર્તા હત્તા વિશ્વંભર ત્યારે જ માનું કે, મારી પાસે આ ભાતાનો ડબો છે. તેમાં નાસ્તો છે પણ હું ખાવાનો નથી. જો ભગવાન સાચા હોય તો મને મારીને ખવરાવે તો માનું કે ભગવાન સાચા. નહીં તો હું ન માનું.

સાધુ મહાત્મા વિચાર કરવા લાગ્યા કે આવાને શું કરવું ! પણ હશે, ભગવાન તારી ઈચ્છા પુરી કરે તેવું વિચારી મહાત્મા તો બેસી રહ્યાં. આ યુવાન થોડે દૂર બીજુ વૃક્ષ હતું તેની નીચે તેનો ભાતાનો ડબ્બો રાખીને ઝાડ ઉપર ચઢીગયો. અડધો-પોણો કલાક નો સમય તો પસાર પણ થઈ ગયો. પેલાને ભૂખ પણ લાગેલી પણ કરે શું ! વાત એકદમ પાકી ટેક ઉપર આવી ગયેલી. આ વિસ્તાર તો સરહદી વિસ્તાર હતો. થોડીવાર પછી ત્યાંથી લશ્કરની એક ટૂકડી પસાર થઈ. તેમણે આ ડબ્બો જોયો. ઉત્સુકતાથી ડબો ખોલ્યો ત્યાં જોયું તો પુરી સુખડી વગેરે નાસ્તો હતો. આ જોઈને સૈનિકોને તે જમવાનું મન તો થયું પણ એના વડાએ કહ્યું ! ખાત્રી કર્યા સિવાય આપણે ન ખવાય. કોઈએ કાંઈ કાવત્રુ કર્યુ હોય તો ! આજુ બાજુમાં તપાસ કરો. મહાત્માજી તો આ બધું જોઈ દૂર બેઠા બેઠાં જોતા હતા. સૈનિકોએ ઝાડ ઉપર જોયું તો પેલો યુવાન બેઠેલો દેખાયો. સૈનિકોની શંકા વધુ દ્રઢ થઈ કે આણે જ આ કાવત્રું કર્યું હશે.

તરત જ આ સૈનિકોએ આ જુવાનીયાને ઝાડ ઉપરથી નીચે ઉતાર્યો. અને કહેવા લાગ્યા, આ તું ખા. પેલો ના પાડવા લાગ્યો, હું નહીં ખાઉં. પેલા લોકો કહે ખા... પણ શરતના લીધે આ જુવાનીયો ના જ પાડતો હતો. હવે આ સૈનિકો તેમના અસલ રૂઆબમાં આવી ગયા. અને કહેવા લાગ્યા, નક્કી તેં જ આમાં કાંઈ રમત કરી લાગે છે માટે તારે ખાવું જ પડશે. તેમ કહીને બે-ત્રણ લાફા ચોડી દીધા, ગડદા પાટુ કરીને પેલા ડબાનો બધો નાસ્તો આ જુવાનીયાને ખવડાવીને તેઓ જતા રહ્યા.

આ જુવાનીયો પેલા સાધુ મહાત્મા પાસે આવીને પગમાં પડી ગયો. અને કહેવા લાગ્યો કે મહાત્માજી ! તમે પણ સાચા અને ભગવાન પણ વિશ્વંભર સાચા. હવે આવી ભૂલ કોઈ દિવસ નહી કરૂં. આજે મને વાત સમજાઈ ગઈ છે કે કીડીને કણ ને હાથીને મણ સૌનુ પુરૂ કરવા સહુને ખવરાવનાર પરમાત્મા જ છે. મને મારી ભૂલ સમજાઈ છે. મને ભગવાનના શરણે લ્યો.

મહાત્માજીએ આ યુવાનને હવે મુમુક્ષુ જાણીને તેને ભગવાનની ભક્તિનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે ભગવાન વિશ્વંભર છે. એટલું જ નહી પણ જમેલું અન્ન પચાવનારા પણ ભગવાન છે એમ માની પરમાત્માની ભક્તિ કરો.

આ વાત એટલી બધી સત્ય છે, આપણને સમજાય કે ન સમજાય પણ આપણને સ્વામિનારાયણ ભગવાન જ જમાડે છે. કઈ રીતે ? આપણા ઈષ્ટદેવે વરદાન આપેલું છે કે મારા આશ્રિત હોય તેના પ્રારબ્ધમાં ભીખ માગવાનું લખેલ હોય તો તે અમને આવે અને અમારો ભક્ત સુખેથી અન્ન વસ્ત્રોને પામે. એવી કૃપા કૃપાનિધાનની છે !!!

●

### કોણ પવિત્ર બને ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

પુરાણોમાં એવી ઉક્તિ છે કે ગંગાજી પાપનો નાશ કરે છે. જે ગંગાજીમાં સ્નાન કરે તેના બધા પાપો બળીને ભસ્મ થઈ જાય છે. આ વાત શું ખરેખર સાચી જ હશે ! આવો વિચાર સહેજે આવે. આપણને તો ઠીક પણ એકવાર દેવી પાર્વતીજીને પણ આવો વિચાર આવેલો.

એકવાર હરિદ્વારમાં કુંભનો મેળો ભરાયેલો. લક્ષાવધિ મનુષ્યો આ કુંભના મેળામાં આવેલા. તેઓ પોતાના પાપોનો નાશ કરવા ગંગાજીમાં સ્નાન કરતા હતા. આવા સમયે શિવજી અને પાર્વતીજી પણ ત્યાં આવ્યા. આ લક્ષાવધિ મનુષ્યોને ગંગાજીમાં સ્નાન કરતા જોઈને પાર્વતીજીએ ભોળાનાથ આગળ શંકા વ્યક્ત કરી કે શું આ બધા મનુષ્યો પાપથી મુક્ત થઈ જશે ? મહાદેવજી હસી પડ્યા. મહાદેવજીને હસતા જોયા એટલે પાર્વતીજી મુંઝવણભરી નજરે ભોળાનાથ સામું જોઈને બોલ્યા કે મને ખબર ના પડી, આપ કેમ હસો છો ? શું જે પુરાણોક્તિ છે તે ખોટી છે ? ત્યારે ભોળાનાથજીએ કહ્યું ના દેવી, પુરાણની વાત સાચી છે પણ....

ફરી દેવી મુંઝાયા, આ પણ ... શું ? ત્યારે ભોળાનાથે કહ્યું કે આ વાત તમને સમજાવવા આપણે રૂપ બદલવું પડશે. અને તરત જ ભોળનાથે એક વૃધ્ધનું રૂપ લઈ લીધું. અને તેઓ રસ્તાની નજીકમાં એક ખાડો હતો તેમાં પડી ગયા. આ બાજુ દેવી પાર્વતીજી પણ વૃધ્ધાનું રૂપ લઈને ખાડા પાસે બેસીને રોવા લાગ્યા. અને બૂમો પાડવા લાગ્યા. અમારા પતિને ખાડામાંથી કોઈ બહાર કાઢો. અને માજીને આવો વલોપાત કરતાં જોઈને ઘણા લોકો મદદ કરવા પાસે આવે અને વૃધ્ધને બહાર લાવવાની તૈયારી બતાવે. ત્યાં તો વૃધ્ધાના રૂપમાં રહેલા દેવી કહે, ઉભા રહો, ભાઈ ! ઉભા રહો.... મારી એક વાત સાંભળો.

આ મારા પતિદેવને એક શાપ છે - કે જો કોઈએ જીંદગીમાં કંઈપણ પાપ કર્યું હોય તે જો મારા પતિને અડે તો તે બળીને ભષ્મ થઈ જાય. જ્યાં આટલું વચન સાંભળે ને ત્યાં તો બધા પાછા વળી જાય. પાછા કહેતા પણ જાય કે આપણાથી ક્યાંક નાનું મોટું પાપ તો થઈ જ ગયું હોય. આપણે શું ? ભલે મરતો મુવો ડોસો, આપણે નથી બચાવવા જવું. આવી રીતે સેંકડો મનુષ્યો આવ્યા અને પાછા વળી ગયા. કોઈએ મદદ કરવાનું જોખમ લેવાનો પ્રયત્ન ન કર્યો.

થોડીવાર થતાં એક શ્રધ્ધાળુ ત્યાંથી પસાર થયો. એણે પણ આ બૂમો સાંભળી તેથી તે વૃધ્ધા પાસે પહોંચ્યો. અને ખાડામાંથી ડોસાને બહાર કાઢવાની તૈયારી કરી. ત્યારે માજીએ આ ભાઈને પણ પેલા શાપ વાળી વાત કરી. ત્યારે આ ભક્ત બોલ્યો - માજી ! હમણાં જ હું ગંગાજીમાં સ્નાન કરીને ચાલ્યો આવું છું. ગંગાજીમાં સ્નાન કરવાથી મારા તમામ પાપોનો નાશ થઈ ગયો અને સ્નાન પછી મેં કોઈ પાપ કર્યું નથી તેથી હું તૈયાર છું, આ વડીલને ખાડામાંથી બહાર કાઢવા. અને જ્યાં હાથ લંબાવ્યો ત્યાં ભોળાનાથે તેમના મૂળ સ્વરૂપમાં દર્શન આપ્યા.

દેવી પાર્વતીને ભોળાનાથે કહ્યું. દેવી ! સ્નાન તો લક્ષાવધિ મનુષ્યોએ કર્યું પણ શાસ્ત્ર વચનમાં વિશ્વાસ, શ્રધ્ધા કોઈને ન હોતી. બધા ડુબકી મારે છે ને આપણે પણ મારી, આવા લોકો, જેને હૈયામાં શ્રધ્ધા નથી તેઓ ભલે રોજ ડુબકીઓ મારે પણ તેમના પાપોનો નાશ થતો નથી. પણ જે વ્યક્તિ આવી સાચી શ્રધ્ધાથી સ્નાન કરે તેના પાપોનો નાશ ગંગાજી કરે છે. ભોળાનાથ ને પાર્વતીજી આ મુમુક્ષુને આશીર્વાદ આપી અને અદશ્ય થઈ ગયા.

મિત્રો ! આ વાત ઉપરથી આપણે એ ધ્યાન રાખવાનું કે જે કાંઈ પણ ભક્તિ-ભજન, સેવા-સત્સંગ આપણે કરીએ છીએ તે શ્રધ્ધાપૂર્વકનું, સાચા દિલનું હોવું જોઈએ. તો નિષ્પાપ થવાય.

આવી જ વાત વચનામૃતમાં આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનને પૂછી કે હે પ્રભુ ! આખા દિવસ દરમ્યાન જાણે અજાણે જે કાંઈ પાપ થયાં હોય તે ઘડી કે અડધી ઘડી ભગવાનનું ભજન કરવાથી નાશ પામે કે નહીં ?

ત્યારે સ્વામિનારાયણ ભગવાને જવાબ આપતા. કહ્યું કે મન કર્મ વચને ઈન્દ્રિયો અંતઃકરણ સહિત એટલે કે એકાગ્રતાપૂર્વક સાચી શ્રધ્ધાથી એક ઘડી કે અડધી ઘડી ભગવાનનું ભજન કરે તો જરૂર એના આખા દિવસ દરમ્યાન થયેલા દોષો નાશ થાય છે. માટે અંતરની સાચી શ્રધ્ધા રાખી ભગવાનનું ભજન કરવું.